**શહેરમાં અચાનક બેભાન થઈ જતાં ત્રણ લોકોના મોત**

# જૈન સમાજની ક્રિકેટ ટુર્નામેન્ટમાં યુવાન ઢળી પડ્યો

**સી.બી. પટેલ** ક્રિકેટ ગ્રાઉન્ડમાં બારડોલીનો યુવાન ફિલ્ડિંગ ભરતો હતો

સુરત: શહેરમાં ત્રણ વ્યક્તિઓના અચાનક બેભાન થયા બાદ મોત નીપજ્યા હતા. જેમાં સી.બી. પટેલ ક્રિકેટ ગ્રાઉન્ડ ખાતે જૈન સમાજની ક્રિકેટ ટુર્નામેન્ટમાં ગ્રાઉન્ડ પર ફિલ્ડિંગ ભરતી વખતે બેભાન થઈ જતા બારડોલીના યુવકનું મોત થયું હતું. તેમજ લિંબાયતમાં કાપડના કારખાનામાં પુણાના યુવકનું અને લિંબાયતના યુવકનું કામ કરતી વેળાએ બેભાન થતા મોત થયું હતું.

મૂળ રાજસ્થાનના વતની અનિલકુમાર ડુગરચંદ શાહ (48 વર્ષ) હાલ બારડોલી બાબેનગામમમાં આવેલ અવધલેક સિટી રેસિડેન્સીમાં પરિવાર સાથે રહેતો હતો. તે બારડોલી લીમડા ચોક ખાતે સાડી તેમજ રેડીમેઇડ ડ્રેસ મટીરીયલ કપડાનો શો-રૂમ ચલાવતા હતા. આજે સવારે તેઓ ખજોદ નજીક આવેલ સી.બી. પટેલ ક્રિકેટ ગ્રાઉન્ડ ખાતે તેમના જૈન સમાજની ક્રિકેટ ટુર્નામેન્ટ રમવા માટે આવ્યા હતા. તેમણે બેટિંગ કર્યા બાદ ફિલ્ડિંગ કરતા હતા. દરમિયાન તેઓ એકાએક બેભાન થઈ ગ્રાઉન્ડ પર ઢળી પડ્યા હતા. જેથી તેમને સારવાર માટે મિત્રો ખાનગી હોસ્પિટલમાં લઈ ગયા હતા. જ્યાં ફરજ પરના તબીબે તેમને મૃત જાહેર કર્યા હતા. તેમનું હાર્ટએટેકથી મોત થયું હોવાની શક્યતા છે.

બીજા બનાવમાં, મૂળ અમરેલીના વતની અને હાલ પુણાગામ ખાતે આવેલ માધવપાર્ક સોસાયટીમાં રહેતા કિરીટભાઈ હિંમતભાઈ ભામરોલિયા (46 વર્ષ) લિંબાયત નારાયણનગરમાં રિદ્ધિ ફેશનના નામે કાપડનું ખાતું ચલાવે છે. તેઓને સંતાનમાં બે પુત્ર છે. ગઈકાલે બપોરે કિરીટભાઈ ખાતા પર તેમની ઓફિસમાં હાજર હતા. દરમિયાન એકાએક બેભાન થઈ જતા સારવાર માટે સ્મીમેર હોસ્પિટલ ખસેડાયા હતા. જ્યાં તબીબે તેમને મૃત જાહેર કર્યા હતા.

ત્રીજા બનાવવામાં, મૂળ બિહારનો વતની અને હાલ લિંબાયત ખાતે આવેલ પ્રકાશ નગરમાં રહેતો આકાશ વિનોદભાઈ માળી (32 વર્ષ) પુણા જયભવાની ઇન્ડસ્ટ્રીઝમાં આવેલ એમ્બ્રોઇડરીના ખાતામાં કામ કરતો હતો. ગઈકાલે રાત્રે ખાતામાં કામ કરતી વખતે અચાનક બેભાન થઈ જતા 108માં સ્મીમેર હોસ્પિટલ ખસેડાયો હતો. જ્યાં ફરજ પરના તબીબે તેને મૃત જાહેર કર્યો હતો.

# VNSGUમાં 'મહાત્મા ગાંધી ગ્રામ અભ્યાસ ભવન'નું લોકાર્પણ

**4.6 કરોડના** ખર્ચે નવનિર્મિત ભવનમાં બેચલર અને માસ્ટર ઓફ રુરલ સ્ટડીઝ, પીએચ.ડી સહિતના અભ્યાસક્રમો શરૂ કરાશે

સુરત: વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી (VNSGU)ના કેમ્પસમાં રૂ. ૪.૬ કરોડના ખર્ચે નવનિર્મિત 'મહાત્મા ગાંધી ગ્રામ અભ્યાસ ભવન'નું લોકાર્પણ રમતગમત, યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓના રાજ્યમંત્રી ડૉ. જયરામભાઈ ગામીતના હસ્તે શુક્રવારે ભવ્ય સમારોહ સાથે કરવામાં આવ્યું હતું. આ અલાયદુ ભવન ૨૮,૦૦૦ ચોરસ મીટર વિસ્તારમાં નિર્માણ પામ્યું છે. ભવનમાં બેચલર ઓફ રુરલ સ્ટડીઝ (BRS), માસ્ટર ઓફ રુરલ સ્ટડીઝ (MRS), Ph.D. તેમજ અનુસ્નાતક કક્ષાના વિવિધ અભ્યાસક્રમો શરૂ કરવામાં આવશે.

લોકાર્પણ પ્રસંગે મંત્રી ડૉ. જયરામભાઈ ગામીતે જણાવ્યું હતું કે, આ નવું ભવન વિદ્યાર્થીઓને ગ્રામીણ અર્થતંત્ર, ગાંધીવાદી મૂલ્યો અને ગ્રામ્ય વિકાસના વિચારોને સમજવામાં સીમાચિહ્નરૂપ સાબિત થશે. ગાંધીજીના ગ્રામ ઉત્થાનના સિદ્ધાંતોને આધુનિક શિક્ષણ સાથે જોડીને ગ્રામ્ય કલા, સંસ્કૃતિ અને નવીન ઉદ્યોગ વિકાસમાં આ કેન્દ્ર માર્ગદર્શક બનશે. તેમણે પોતાના વિદ્યાર્થીકાળના યુનિવર્સિટી સાથેના સંસ્મરણો પણ વાગોળ્યા હતા.

યુનિવર્સિટીના કુલપતિ ડૉ. કિશોરસિંહ એન. ચાવડાએ કહ્યું કે, આ ભવન દ્વારા ગ્રામીણ અભ્યાસ ક્ષેત્રે સંશોધન અને પ્રેક્ટિકલ તાલીમના નવા દ્વાર ખુલશે. સમારોહમાં રજિસ્ટ્રાર ડૉ. આર.સી. ગઢવીએ આવકાર પ્રવચન કર્યું હતું. આ પ્રસંગે વિવિધ ફેકલ્ટીના ડીન્સ, અધ્યાપકો તેમજ મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# વોકલ ફોર લોકલથી આદિવાસી ઉદ્યોગોને નવી દિશા મળશે: મુખ્યમંત્રી

**અંબિકા** તાલુકામાં રાષ્ટ્રીય આદિવાસી ઉદ્યોગ મેળા-2025નો ભવ્ય પ્રારંભ



અનાવલ: મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે સુરત જિલ્લાના નવરચિત અંબિકા તાલુકાના વસરાઈ ખાતે ત્રિદિવસીય રાષ્ટ્રીય આદિવાસી ઉદ્યોગ મેળા-2025નો પ્રારંભ કરાવ્યો હતો અને વિશ્વાસ વ્યક્ત કર્યો હતો કે વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ આપેલો વોકલ ફોર લોકલ, લોકલ ફોર ગ્લોબલનો મંત્ર આ રાષ્ટ્રીય આદિવાસી ઉદ્યોગ મેળાને સફળ બનાવશે તથા આદિવાસી ઉદ્યોગો, હસ્તકલા કારીગરો અને MSMEને નવી ઓળખ આપશે. રાજ્યના સમસ્ત આદિવાસી સમાજ અને સહયોગી સંસ્થાઓના ઉપક્રમે તા.26થી 29 ડિસેમ્બર દરમિયાન આયોજિત આ મેળાનો મુખ્ય ઉદ્દેશ આદિવાસી યુવાનો અને યુવતીઓને સ્વરોજગારી માટે પ્રોત્સાહન આપવાનો તેમજ નાના અને મધ્યમ ઉદ્યોગકારો, MSME અને વેપારીઓને એક મંચ પર લાવી વ્યવસાયિક તકો વિસ્તૃત કરવાનો છે. આ મેળામાં 370થી વધુ ઉદ્યોગ સ્ટોલ્સ, 80થી વધુ આદિવાસી વાનગીઓના સ્ટોલ્સ, દેશભરના 700થી વધુ પ્રતિનિધિઓની સહભાગીતા તથા MSME માટે વિશેષ બિઝનેસ વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું છે, જે 'એક ભારત શ્રેષ્ઠ ભારત'ના સંકલ્પને સાકાર કરશે. મેળાના પ્રારંભ પ્રસંગે મુખ્યમંત્રીએ નાણાં અને શહેરી વિકાસ મંત્રી કનુભાઈ દેસાઈ, આદિજાતિ વિકાસ મંત્રી નરેશભાઈ પટેલ અને રાજ્યમંત્રી ડો. જયરામ ગામીતની ઉપસ્થિતિમાં સુરત જિલ્લામાં માર્ગ અને મકાન વિભાગના રૂ. 858 કરોડના વિવિધ વિકાસ કામોનો ઈ-ખાતમુહૂર્ત અને ઈ-લોકાર્પણ પણ સંપન્ન કર્યા હતા.

મુખ્યમંત્રીએ જણાવ્યું હતું કે, વિકસિત અને આત્મનિર્ભર ભારતના નિર્માણમાં આદિવાસી ઉદ્યોગો, પરંપરાગત કલા-કસબ અને MSMEનું મહત્ત્વપૂર્ણ યોગદાન છે અને રાજ્ય સરકારે સ્વસહાય મહિલા જૂથો, સ્ટાર્ટઅપ્સ તથા કૌશલ્યવર્ધન કેન્દ્રો દ્વારા યુવાનોને જોબ સીકરમાંથી જોબ ગિવર બનાવવાનો માર્ગ તૈયાર કર્યો છે.

સદીઓથી પરિશ્રમ, પ્રામાણિકતા અને સ્વાભિમાન સાથે જીવતા આદિવાસી સમાજના સર્વાંગી વિકાસ માટે શરૂ કરાયેલી રૂ.2 લાખ કરોડની જનજાતીય કલ્યાણ યોજના દેશ માટે દિશાદર્શક હોવાનું તેમણે જણાવ્યું હતું.

આદિજાતિ વિકાસ મંત્રી નરેશભાઈ પટેલે ટ્રાઈબલ ટ્રેડ ફેરને આદિવાસી સંસ્કૃતિના સંરક્ષણ સાથે રોજગારીનું મજબૂત માધ્યમ ગણાવ્યું હતું. જ્યારે મહુવાના ધારાસભ્ય મોહનભાઈ ઢોડિયાએ આદિવાસી સમાજને પ્રોત્સાહન આપવા સરકાર દ્વારા લેવાયેલાં પગલાં બદલ આભાર વ્યક્ત કરી નવો અંબિકા તાલુકો રચવા બદલ રાજ્ય સરકારને અભિનંદન પાઠવ્યાં હતાં.

સમસ્ત આદિવાસી સમાજના પ્રમુખ ડો.પ્રદીપ ગરાસિયાએ જણાવ્યું હતું કે, ટ્રાઈબલ ટ્રેડ ફેરમાં અંદાજે 400 જેટલા સ્ટોલ્સ છે, જેમાં વોકલ ફોર લોકલ, પ્રાકૃતિક ખેતી અને આદિવાસી ખાના-ખજાનાને પ્રોત્સાહન આપવામાં આવશે તેમજ ઈકો-ફ્રેન્ડલી બિઝનેસ સેન્ટર સ્થાપવાનું આયોજન પણ છે. ટ્રાઈબલ ટ્રેડ ફેરના પ્રારંભ અવસરે નેશનલ કમિશન શિડ્યુલ ટ્રાઈબના ચેરમન અંતરસિંહ આર્ય, એસટી વેલફેર સંસદીય સમિતિના ચેરપર્સન ડો.ફગ્ગનસિંહ કુલસ્તે, જિલ્લા પંચાયત પ્રમુખ ભાવિની પટેલ, બારડોલીના સાંસદ પ્રભુભાઈ વસાવા, વલસાડના સાંસદ ધવલભાઈ પટેલ, ધારાસભ્યો ગણપતસિંહ વસાવા, ઈશ્વરભાઈ પરમાર, કુંવરજી હળપતિ, સંદીપભાઈ દેસાઈ, વિજયભાઈ પટેલ, મુકેશભાઈ પટેલ, મોહનભાઈ કોંકણી, સામાજિક અગ્રણી માનસિંહભાઈ પટેલ તથા જિલ્લા વિકાસ અધિકારી શિવાની ગોયલ સહિત અનેક મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા.

**દેશની વાઘની વસ્તી ગણતરીમાં ગુજરાતનો સમાવેશ**

# હવે ગુજરાત ફરી ટાઈગર સ્ટેટ

**કેન્દ્રના** પ્રાથમિક રિપોર્ટમાં રતનમહાલ વન્યજીવ અભ્યારણમાં વાઘની હાજરીની પુષ્ટિ : અર્જુન મોઢવડિયા

ગાંધીનગર : ગુજરાતના રતનમહાલ વન્યજીવ અભ્યારણમાં વાઘની હાજરી નોંધાયા બાદ નેશનલ નેશનલ ટાઈગર કન્ઝર્વેશન ઓથોરિટી (NTCA) રાજ્યમાં અભ્યાસ કરીને પોતાના પ્રારંભીક રિપોર્ટમાં ગુજરાતમાં વાઘની હાજરીની પુષ્ટિ કરી છે અને દેશમાં વાઘની વસ્તીમાં ગુજરાતમાં ઉપસ્થિત વાઘનો સમાવેશ કર્યો છે.

આજે ગાંધીનગરમાં વન અને પર્યાવરણ વિભાગના મંત્રી અર્જુન મોઢવાડિયાએ જણાવ્યું હતું કે આ અંગે હજી સુધી નેશનલ ટાઈગર કન્ઝર્વેશન ઓથોરિટી (NTCA) તરફથી ગુજરાત સરકારના વન વિભાગને કોઈ સત્તાવાર પત્ર મળ્યો નથી, પરંતુ નેશનલ ટાઈગર કન્ઝર્વેશન ઓથોરિટી (NTCA) એ ગુજરાતમાં અભ્યાસ બાદ તૈયાર કરવામાં આવેલ પ્રાથમિક રિપોર્ટ સામે આવ્યો છે, જેમાં રતનમહાલ વન્યજીવ અભ્યારણમાં વાઘની હાજરીની પુષ્ટિ કરી છે અને દેશમાં વાઘની વસ્તી ગણતરીમાં ગુજરાતનો સમાવેશ કર્યો છે.

મોઢવાડિયાએ કહ્યું હતું કે, 1992 માં વાઘની વસ્તી ગણતરીમાંથી ગુજરાતની બાદબાકી કરવામાં આવી હતી અને રાજ્યએ 'ટાઈગર સ્ટેટ' નો દરજ્જો ગુમાવ્યો હતો. ત્યાર બાદ વર્ષ 2019 વાઘ જોવા મળતા આશાની કિરણ જાગી હતી, પરંતુ તે દુર્ભાગ્યથી તે વાગ માત્ર 15 દિવસ સુધી જ જીવીત રહી શક્યો હતો. પરંતુ આપણા માટે એ આનંદની વાત છે કે ફરી એકવાર ગુજરાતને વાઘે પોતાનું નવુ ઘર બનાવ્યુ છે. અત્યારે જે વાઘ ગુજરાતમાં વસવાટ કરી રહ્યો છે તે, સૌ પ્રથમ તા. 22/02/2025 ના રોજ વન વિભાગના કેમેરા ટ્રેપમાં કેદ થયો હતો.

# ગ્રીન હાઈડ્રોજન પ્રોજેક્ટ્સમાં 20 ટકા કેપિટલ સબસિડી

**રાજ્યની** નવી ગ્રીન હાઈડ્રોજન નીતિની જાહેરાત

ગાંધીનગર : ગુજરાત સરકારે નવી ગ્રીન હાઈડ્રોજન પોલિસી જાહેર કરી છે. 31 ડિસેમ્બર 2035 સુધી અમલમાં રહેનારી આ પોલિસી અંતર્ગત ગુજરાત માટે 2035 સુધી 3 મિલિયન મેટ્રિક ટન પ્રતિ વર્ષ (MMTPA) ગ્રીન હાઈડ્રોજન ઉત્પાદન ક્ષમતા હાંસલ કરવાનું લક્ષ્ય નક્કી કરાયું છે. રાજ્ય સરકારના ઊર્જા વિભાગ દ્વારા તૈયાર કરાયેલા રોડમૅપ મુજબ આશરે 30 GW ઈલેક્ટ્રોલાઈઝર ક્ષમતા અને 75 GW રિન્યુએબલ એનર્જી ક્ષમતા ઉમેરવાની યોજના છે. આ સમગ્ર ઈકોસિસ્ટમથી 5 લાખ કરોડ સુધીનું રોકાણ આકર્ષાય તેવી શક્યતા છે અને અંદાજે 6 લાખ નવા રોજગાર સર્જાશે.

ઈલેક્ટ્રોલિસિસ આધારિત ગ્રીન હાઈડ્રોજન પ્રોજેક્ટ્સ માટે પોલિસીમાં પ્રતિ મેગાવોટ 1 કરોડની મર્યાદા સાથે 20 ટકા કેપિટલ સબસિડી જાહેર કરવામાં આવી છે. બેટરી એનર્જી સ્ટોરેજ સિસ્ટમ (BESS) માટે પ્રતિ મેગાવોટ-આવર 18 લાખ સુધીની સબસિડી તેમજ ઓક્સિજન બાય-પ્રોડક્ટ બોટલિંગ માટે અલગ પ્રોત્સાહન મળશે. રિન્યુએબલ પાવર આધારિત પ્રોજેક્ટ્સને ટ્રાન્સમિશન અને વ્હીલિંગ ચાર્જિસમાં પાંચ વર્ષ માટે 50 ટકા રિઈમ્બર્સમેન્ટ આપવામાં આવશે, જ્યારે જમીન ખરીદી અથવા લીઝ માટે સ્ટેમ્પ ડ્યુટી અને રજિસ્ટ્રેશન ચાર્જિસની 100 ટકા પરતફેરની જોગવાઈ રાખવામાં આવી છે. બાયોમાસ આધારિત ગ્રીન હાઈડ્રોજન પ્રોજેક્ટ્સ માટે પ્રતિ kTPA 8 કરોડ સુધીની વિશેષ કેપિટલ સબસિડી જાહેર કરાઈ છે. ગ્રીન હાઈડ્રોજન હબના વિકાસ માટે ઉત્પાદન, સંગ્રહ અને વિતરણ સહિતના ઈન્ફ્રાસ્ટ્રક્ચર માટે 35 કરોડ સુધીની સહાય મળશે. હાઈડ્રોજન આધારિત મોબિલિટી વધારવા માટે પ્રથમ 20 હાઈડ્રોજન રિફ્યુઅલિંગ સ્ટેશનોને 30 ટકા કેપિટલ સબસિડી (પ્રતિ સ્ટેશન મહત્તમ 4 કરોડ) અને ગ્રીન હાઈડ્રોજન સંચાલિત બસો તથા હેવી વ્હીકલ્સ માટે પ્રતિ વાહન 50 લાખ સુધીની સહાય આપવામાં આવશે.

પોલિસી હેઠળ MSMEs દ્વારા ગ્રીન હાઈડ્રોજન અપનાવા માટે પાંચ વર્ષ સુધી પ્રતિ કિલો 50 ઉપયોગ પ્રોત્સાહન આપવામાં આવશે.

જ્યારે સિટી ગેસ ડિસ્ટ્રિબ્યુશન (CGD) ઓપરેટર્સને CNG/PNG નેટવર્કમાં ગ્રીન હાઈડ્રોજન બ્લેન્ડિંગ માટે પ્રતિ કિલો 50 પ્રોત્સાહન મળશે. ડીસેલિનેશન પ્લાન્ટ્સ, પોર્ટ-લિન્ક્ડ એક્સપોર્ટ ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને ગ્રીન ટ્રાન્સમિશન કોરિડોરને પણ પોલિસીમાં આવરી લેવામાં આવ્યા છે.

# નલિયામાં 9 ડિગ્રી, હવે ઠંડી વધવાની આગાહી

**અન્ય** સ્થળોએ તાપમાન 14થી 17 ડિગ્રી વચ્ચે રહેશે

ગાંધીનગર: ઉત્તર - પૂર્વીયથી પૂર્વીય પવનના કારણે રાજ્યમાં હવે આજે અચાનક ઠંડીનો પારો વધુ નીચે ગગડી જવા સાથે કચ્છના નલિયામાં 9 ડિગ્રી ઠંડી નોંધાઈ હતી. ખાસ કરીને કચ્છમાં ઠંડીનું જોર વધ્યું છે. ક્રિસમસથી રાજ્યમાં ઠંડીનો મચકારો વધ્યો છે. હજુયે એક સપ્તાહ સુધી ઠંડીનો માહોલ યથાવત રહેશે. બીજી તરફ ઉત્તર ગુજરાત તથા સૌરાષ્ટ્ર અને કચ્છમાં સામાન્ય કરતાં વધુ તાપમાન રહ્યું હતું. આજે શુક્રવારે કચ્છના નલિયામાં ઠંડીનો પારો ગગડીને 9 ડિગ્રી નોંધાયો હતો. ભૂજમાં 14 ડિ.સે., કંડલા પોર્ટ પર 15 ડિ.સે., કંડલા એરપોર્ટ પર 13 ડિ.સે., અમરેલીમાં 13 ડિ.સે., ભાવનગરમાં 16 ડિ.સે., રાજકોટમાં 14 ડિ.સે., સુરેન્દ્રનગરમાં 16 ડિ.સે., મહુવામાં 15 ડિ.સે., કેશોદમાં 14 ડિ.સે., અમદાવાદમાં 15 ડિ.સે., ડીસામાં 14 ડિ.સે., ગાંધીનગરમાં 14 ડિ.સે., વલ્લભ વિદ્યાનગરમાં 16 ડિ.સે.,વડોદરામાં 14 ડિ.સે.અને સુરતમાં 17 ડિ.સે. જ્યારે દમણમાં 17 ડિ.સે. લઘુત્તમ તાપમાન નોંધાયું હતું.

## અનુસંધાન ... પાના છેલ્લાનું

### સુરતની ચેસ...

નવી દિલ્હી વિજ્ઞાન ભવન ખાતે રાષ્ટ્રીય બાળ પુરસ્કાર (પીએમઆરબીપી એવોર્ડ) એનાયત કર્યો હતો.વાકા લક્ષ્મી પ્રજ્ઞિકાને મેડલ, પ્રમાણપત્ર, પ્રશસ્તિપત્ર અને રોકડ પુરસ્કારથી સન્માનિત કરવામાં આવી હતી.

લક્ષ્મીએ સર્બિયામાં 2025 ફિડે વર્લ્ડ સ્કુલ્સ ચેસ ચેમ્પિયનશિપમાં અંડર-7 ગર્લ્સ ટાઈટલ જીત્યું હતું. જેમાં તેણીએ એક પણ મેચ હાર્યા વિના તમામ નવ મેચ જીતી નવમાંથી નવ પોઈન્ટ મેળવ્યા હતા. લક્ષ્મીએ ફાઈનલમાં ચીનની પ્રતિસ્પર્ધીને હરાવી હતી. તે પહેલા ભારતની ચેમ્પિયન રહેલી ખેલાડીને નોકઆઉટ રાઉન્ડમાં હરાવી બધાને ચોંકાવી દીધી હતી.નોન રેન્કર ખેલાડી તરીકે ફિડે વર્લ્ડ સ્કુલ્સ ચેસ ચેમ્પિયનશિપ ટાઈટલ 7 વર્ષની વયે જીતવાનો વર્લ્ડ રેકોર્ડ પણ એ સાથે વાકા લક્ષ્મી પ્રગ્નિકાનો નોંધાયો છે.

વાકા લક્ષ્મી પ્રગ્નિકાના માતા પિતા પ્રવિણા અને રામાનંદ વાકા એ જણાવ્યું હતું કે, '7 વર્ષની વયે વર્લ્ડ ચેસ ચેમ્પિયનશિપ જીતવી મોટી સિદ્ધિ છે.ઘરમાં શોખ ખાતર બધા ચેસ રમતા હતાં.તે 4-5 વર્ષની હતી ત્યારથી ઘરે ચેસ રમતી હતી.અને બધાને હરાવતી હતી. તેની પ્રતિભા પારખી અમે એને પ્રોફેશનલ કોચ પાસે ટ્રેનિંગ અપાવવાનું નક્કી કર્યું હતું.વેસુમાં બિશપ બ્રિગેડ એકેડમી ચલાવતા રોહન જુલ્કાની પાસે એને ટ્રેનિંગ અપાવવાનું શરૂ કર્યું હતું.

**ચીનની પ્રતિસ્પર્ધી ખેલાડીને તેણે હરાવી એ ઘટનાના સાક્ષી બનવાનો આનંદ અનેરો હતો: કોચ રોહન જુલ્કા...**

મૂળ ફિરોઝપુર પંજાબના વતની પણ સુરતમાં જન્મેલા રોહન જુલ્કા ઇન્ટર યુનિવર્સિટી રમી ગુજરાતની રણજી ક્રિકેટ સુધી પહોંચ્યા હતા.પણ કોવિડ 19 ને કારણે તેઓનું ફસ્ટ કલાસ ક્રિકેટર બનવાનું સ્વપ્ન રોળાયું હતું. 4 વર્ષ સુધી વિર નર્મદ સાઉથ ગુજરાત યુનિવર્સિટીની ચેસ ટીમનાં કેપ્ટન રહેલા રોહન જુલ્કા પોતે સ્ટેટ લેવલ ખેલાડી રહી ચૂક્યા છે.તેઓ કહે છે કે,સવા વર્ષ પેહલા વાકા લક્ષ્મી પ્રગ્નિકાના માતા પિતા પ્રવિણા અને રામાનંદ વાકા તેણીને મારી પાસે લાવ્યા હતા.તેણી એસડી. જૈન સ્કૂલમાં બીજા વર્ષમાં અભ્યાસ કરે છે.અમારી એકેડમીમાં આવી લક્ષ્મીએ જે પરફોર્મ કર્યું એ આશ્ચર્યજનક હતું. એકેડમીમાં પ્રેક્ટિસ પછી તેણી ઘરે પણ રોજ ત્રણ ચાર કલાક પ્રેક્ટિસ કરતી હતી. એના માતા પિતા એ એની પાછળ પૂરતો સમય આપવાનું નક્કી કરતા અમને પણ એક ચેમ્પિયન તૈયાર કરવાની તક મળી હતી.તેણીના માતા પિતા મુંબઈ,અમદાવાદ સહિત દેશભરમાં યોજાતી સ્પર્ધાઓમાં ભાગ લેવા લઈ જતા,ડિસ્ટ્રીક લેવલથી સ્ટેટ લેવલ ક્રોસ થયું ત્યાજ અમને ખ્યાલ આવ્યો હતો કે લક્ષ્મી સર્બિયામાં 2025 ફિડે વર્લ્ડ સ્કુલ્સ ચેસ ચેમ્પિયનશિપમાં અંડર-7 કંઈક સારો દેખાવ કરશે. તેણીએ ભારતની નેશનલ ચેમ્પિયનને હરાવી ત્યારે જ મેં કહ્યું હતું કે,એ ફુલ માઈન્ડથી રમશે તો ટાઇટલ જીતશે. ચીનની પ્રતિસ્પર્ધી ખેલાડીને તેણે હરાવી એ ઘટનાના સાક્ષી બનવાનો આનંદ અનેરો હતો.કોઈપણ કોચ માટે એ ગૌરવશાળી ક્ષણો હોય છે.

### થર્ટી ફર્સ્ટ...

સ્થળો લાઈટિંગથી ઝગમગતા જોવા મળી રહ્યા છે. જો કે, અગાઉ જે રીતે ફાર્મહાઉસ, વિલા અને પ્રાઈવેટ પ્રોપર્ટીમાં ન્યૂ યર પાર્ટીઓનું આયોજન થતું હતું, તેમાં હવે ઘટાડો નોંધાઈ રહ્યો છે.

એક સમય હતો જ્યારે ન્યૂ યર દરમિયાન શહેરના ફાર્મહાઉસ, વિલા અને પાર્ટી પ્લોટો પૂરજોશમાં બુક થતા હતા. પરિવાર, મિત્રમંડળ અને ગ્રુપ પાર્ટીઓ માટે લોકો પહેલેથી જ બુકિંગ કરાવતા હતા. સુરતના એક પ્રોપર્ટી બ્રોકરે જણાવ્યું કે, અગાઉ થર્ટી ફર્સ્ટ ડિસેમ્બર પહેલાં એક અઠવાડિયામાં જ 10થી 15 હજારના બેઝિક પેકેજથી લઈને 30થી 35 હજારના પ્રીમિયમ પેકેજ સુધીના અનેક બુકિંગ્સ આવતા હતા. ખાસ કરીને શહેરની બહાર હાઈવે વિસ્તારોના ફાર્મહાઉસ અને વિલાઓની ભારે માંગ રહેતી હતી, પરંતુ હાલ પરિસ્થિતિ બદલાઈ રહી છે.

નશાખોરીના વધતા કેસો અને પોલીસની કડક કાર્યવાહીને કારણે માલિકો પોતાની પ્રોપર્ટીઓ ભાડે આપતાં અચકાઈ રહ્યા છે. પરિણામે આ વર્ષે ન્યૂ યરને લઈને ગણતરીના દિવસો બાકી હોવા છતાં પણ બુકિંગનું પ્રમાણ ઘણું ઓછું છે. જો કે, કેટલાક પ્રોપર્ટી બ્રોકર્સને હજુ અંતિમ દિવસોમાં બુકિંગ વધવાની આશા છે.

**શોખીનોની પસંદગી હવે ડીજે પાર્ટી અને મ્યુઝિકલ ઈવેન્ટ્સ તરફ**

ફાર્મહાઉસ પાર્ટીઓ ઘટતા હવે ડીજે પાર્ટી અને મોટા મ્યુઝિકલ ઈવેન્ટ્સ લોકોની પ્રથમ પસંદગી બની છે. સુરતના વેસુ, ડુમસ, પાલ જેવા વિસ્તારોમાં મોટા પાયે ઈવેન્ટ્સનું આયોજન થઈ રહ્યું છે. ઇવેન્ટ મેનેજમેન્ટ સાથે જોડાયેલા મોનીલ નાયકે જણાવ્યું કે, 'પ્રોપર્ટી પર પોલીસ કાર્યવાહી વધતા લોકો હવે સુરક્ષિત અને વ્યવસ્થિત ઈવેન્ટ્સ તરફ વળ્યા છે. આ વર્ષે શહેરમાં 10થી 15 મોટા ન્યૂ યર ઈવેન્ટ્સ યોજાવાના છે. ન્યૂ યર સેલિબ્રેશનનો ઉત્સાહ યથાવત છે, પરંતુ ઉજવણીનું સ્વરૂપ હવે બદલાતું જોવા મળી રહ્યું છે.

### પાલ પોલીસના...

છે?' જેવા શબ્દો ઉચ્ચાર્યા હતા. આ ઉશ્કેરણીજનક વર્તનથી મહિલાઓનો સંયમ તૂટી ગયો હતો.રાત્રિના અંધારામાં ચાલતા દારૂના અડ્ડા પર મહિલાઓનું ટોળું અચાનક ઘૂસી ગયું અને જનતા રેડ શરૂ કરી દીધી. ગુસ્સે ભરાયેલી મહિલાઓએ ટબમાં ભરેલી દેશી દારૂની પોટલીઓ ઉંચકીને રસ્તા પર ફેંકી દીધી હતી અને દારૂનો નાશ કર્યો હતો. મહિલાઓના આ આક્રમક અને સાહસિક વલણને જોઈ દારૂ વેચનારાઓ અને પીણારા ગ્રાહકોમાં નાસભાગ મચી ગઈ હતી.આ જનતા રેડનું સૌથી ચોંકાવનારું દૃશ્ય એ હતું કે એક મહિલા પોતાના માસૂમ બાળકને કાખમાં તેડીને પણ આ અભિયાનમાં સામેલ થઈ હતી. જનતા રેડ બાદ પાલ પોલીસને જાણ કરાતા પોલીસનો કાફલો ઘટનાસ્થળે દોડી આવ્યો હતો. આ સમયે સ્થાનિકોએ પોલીસ અને તંત્ર સામે ભારે રોષ વ્યક્ત કરતા કહ્યું હતું કે જો સમયસર કાર્યવાહી કરવામાં આવી હોત તો મહિલાઓને જાતે રસ્તા પર ઉતરવાની ફરજ ન પડત.

### ઓવરસ્પીડ KTM...

મિત્રોના સ્થળ પર જ મોત થયા હતા. અકસ્માતમાં મૃત્યુ પામેલો રોનક સોલંકી પરિવારનો એકનો એક દીકરો હતો. તેની એક નાની બહેન છે. એકના એક પુત્રના મોતથી પરિવારમાં શોકનો મોજું ફરી વળ્યું છે.

પ્રાપ્ત માહિતી મુજબ, મૂળ ગીર સોમનાથ જિલ્લાના ઉના તાલુકાના ચામકુવડ ગામનો વતની અને પુણાગામ સીતાનગર ચોક પાસે નેતલ દે સોસાયટીમાં રહેતો 18 વર્ષીય દિવ્યેશ પ્રવીણભાઈ કોટડીયા અને સીતાનગર ચોક નજીક લક્ષ્મીપાર્ક સોસાયટીમાં રહેતો તેનો મિત્ર રોનક અશોકભાઈ સોલંકી (23 વર્ષ), બંને વરાછા મિનીબજાર વિસ્તારમાં હીરાના કારખાનામાં રત્નકલાકાર તરીકે કામ કરતા હતા. બંને મિત્ર ગઈકાલે રાતપાળીમાં નોકરી પૂરી કર્યા બાદ આજે સવારે આઠ વાગ્યાના અરસામાં દિવ્યેશ, રોનક સહિતના ચાર મિત્ર પુણાગામમાં વછરાજ ચાની દુકાન પર ચા પીવા ગયા હતા. ચા પીધા બાદ બંને મિત્ર ઘરે પરત ફરી રહ્યા હતા. બાઈક દિવ્યેશ ચલાવતો હતો, જ્યારે રોનક પાછળ બેઠો હતો. આ દરમિયાન વિશ્વકર્મા બીઆરટીએસ રૂટ પર બાઈક ઓવરસ્પીડમાં હોવાના કારણે સ્લીપ થઈને ઝાડ સાથે ધડાકાભેર અથડાઈ હતી. અકસ્માતમાં બંનેને માથામાં ગંભીર ઈજાઓ પહોંચતા સ્થળ પર જ પ્રાણ પંખેરૂ ઉડી ગયા હતા. ઘટનાની જાણ થતાં સ્થાનિક પોલીસ ઘટના સ્થળે પહોંચી હતી અને મૃતદેહોને પોસ્ટમોર્ટમ માટે ખસેડી આગળની કાર્યવાહી હાથ ધરી હતી.

### ચા પીધા...

આવતા હતા. દરમિયાન પુણાગામ ખાતે બીઆરટીએસ રૂટની અંદર અકસ્માત નડ્યો હતો, બંનેએ હેલ્મેટ પણ પહેર્યું ન હતું.

### શહેરના 854...

હડકવા વિરોધી રસી તેમજ ઈમ્યુનોગ્લોબ્યુલીનનો પૂરતો સ્ટોક ઉપલબ્ધ કરાવવામાં આવ્યો છે. રખડતાં શ્વાન કરડવાની ફરિયાદ માટે ડેડીકેટેડ હેલ્પલાઈન નંબર 97277 40889 અને 1800-123-8000 પણ કાર્યરત કરવામાં આવ્યા છે.

### સુરતના 17,000...

છે કે, આ વિશાળ આર્થિક હિતોને બાજુ પર મૂકીને વેપારીઓએ રાષ્ટ્રવાદ અને ધર્મના રક્ષણને પ્રાધાન્ય આપ્યું છે. 100 કરોડથી વધુનું પેમેન્ટ અટવાયેલું હોવા છતાં વેપારીઓનો બહિષ્કારનો નિર્ણય મક્કમ છે. વેપારીઓનું કહેવું છે કે, રૂપિયા કરતાં માનવીય મૂલ્યો અને પોતાની આસ્થાનું સન્માન વધુ મહત્ત્વનું છે. એમાં આર્થિક નુકસાન હોવા છતાં બાંગ્લાદેશ સરકારને પાઠ ભણાવવા માટે સુરતના કાપડ બજારોએ નિકાસ અટકાવવાનો નિર્ણય લીધો છે. બાંગ્લાદેશમાં પહેલા દેશ અને ધર્મ, પછી વેપારના સૂત્ર સાથે સુરતના વેપારીઓએ બાંગ્લાદેશનો બહિષ્કાર શરૂ કર્યો છે. એમાં રોજ નવી નવી માર્કેટના વેપારીઓ જોડાઈ રહ્યા છે. આ ઐતિહાસિક નિર્ણય આગામી દિવસોમાં ભારત-બાંગ્લાદેશનાં વ્યાપારી સમીકરણો પર મોટી અસર કરી શકે છે, પરંતુ સુરતનો વેપારી અત્યારે માત્ર ન્યાય અને સન્માનની માંગ કરી રહ્યો છે. વર્તમાન પરિસ્થિતિ એટલી ગંભીર છે કે, આ વિશાળ આર્થિક હિતોને બાજુ પર મૂકીને વેપારીઓએ રાષ્ટ્રવાદ અને ધર્મના રક્ષણને પ્રાધાન્ય આપ્યું છે.

ફોસ્ટાના પ્રમુખ કૈલાસ હકીમે જણાવ્યું હતું કે, ભારતીયતા અને સનાતન સંસ્કૃતિને લલકારનાર કોઈપણ શક્તિ સામે સુરતનો વેપારી ઝૂકશે નહીં અને આર્થિક નુકસાન વેઠીને પણ વેપાર બંધ રાખશે.

## અનુસંધાન ... પાના પહેલાનું

### ચાંદીમાં મોટો ઉછાળો,...

વધારો ચાલુ રહ્યો છે, 99.9 ટકા શુદ્ધતાવાળા સોનાનો ભાવ રૂ. 1,500 વધીને રૂ. 1,42,300 પ્રતિ 10 ગ્રામની નવી વિક્રમી ઊંચી સપાટીએ પહોંચ્યો હતો. છેલ્લા ટ્રેડિંગ સત્રમાં તે 1,40,800 રૂપિયા પ્રતિ 10 ગ્રામ પર બંધ થયો હતો. આ વર્ષે અત્યાર સુધીમાં, સોનાના ભાવમાં 31 ડિસેમ્બર, 2024 ના રોજ નોંધાયેલા 78,950 રૂપિયા પ્રતિ 10 ગ્રામથી 63,350 રૂપિયા અથવા 80.24 ટકાનો વધારો થયો છે.

સપ્તાહના છેલ્લા ટ્રેડિંગ દિવસે કિંમતી ધાતુઓમાં તેજી ચાલુ રહી, સોના અને ચાંદીએ ફરી એકવાર નવા રેકોર્ડ ઊંચાઈએ પહોંચ્યા છે.

આંતરરાષ્ટ્રીય બજારોમાં, હાજર સોનાનો ભાવ 50.87 ડોલર અથવા 1.13 ટકા વધીને 4,530.42 ડોલર પ્રતિ ઔંસની નવી સર્વકાલીન ઊંચી સપાટીએ પહોંચ્યો. વિદેશી વેપારમાં સ્પોટ સિલ્વર પહેલી વાર 75 ડોલર પ્રતિ ઔંસ પર પહોંચી ગયો હતો.

### પાકિસ્તાને LOC પર...

છે. ઉપરાંત, સફરાહ એન્ટિ-યુએવી જામિંગ ગનનો ઉપયોગ પણ થઈ રહ્યો છે, જે મેન-પોર્ટેબલ, શોલ્ડર-ફાયર સિસ્ટમ છે જેની અસરકારક રેન્જ લગભગ 1.5 કિલોમીટર છે, જે ડ્રોન નિયંત્રણ, વિડિયો અને જીપીએસ લિંક્સને વિક્ષેપિત કરવા માટે રચાયેલ છે.

આ સોફ્ટ-કિલ પગલાં ઉપરાંત, પાકિસ્તાને ઓછી ઊંચાઈવાળા ડ્રોનનો સામનો કરવા માટે પરંપરાગત હવાઈ સંરક્ષણ શસ્ત્રોનો ઉપયોગ કર્યો છે. આમાં રડાર માર્ગદર્શન પ્રણાલીઓ દ્વારા સમર્થિત ઓરલીકોન GDF 35 મીમી ટ્વીન-બેરલ એન્ટી-એરક્રાફ્ટ ગન અને ધીમી અને ઓછી ઊંચાઈવાળા હવાઈ લક્ષ્યોને સ્પર્શ કરવામાં સક્ષમ અન્ઝા Mk-II અને Mk-III મેન-પોર્ટેબલ એર ડિફેન્સ સિસ્ટમ્સ (MANPADS)નો સમાવેશ થાય છે.

### ઉન્નાવ કેસમાં સેંગરને...

યોગિતા ભયાના અને પીડિતાની માતાએ કોર્ટની બહાર વિરોધ પ્રદર્શન કર્યું હતું, જેમાં ભાજપના હાંકી કાઢવામાં આવેલા ધારાસભ્ય કુલદીપ સેંગારના જામીન રદ કરવાની માંગ કરવામાં આવી હતી. પીટીઆઈ સાથે વાત કરતા, પીડિતાની માતાએ કહ્યું કે તેણી હાઈકોર્ટ સમક્ષ વિરોધ કરવા આવી હતી કારણ કે તેની પુત્રીએ ભારે યાતના સહન કરી હતી. હું સમગ્ર હાઈકોર્ટને દોષી ઠેરવી રહી નથી, પરંતુ ફક્ત બે ન્યાયાધીશોને દોષી ઠેરવી રહી છું જેમના નિર્ણયથી અમારો વિશ્વાસ તૂટી ગયો છે એમ તેણીએ કહ્યું. માતાએ ઉમેર્યું કે પહેલાના ન્યાયાધીશોએ પરિવારને ન્યાય આપ્યો હતો, પરંતુ હવે આરોપીને જામીન આપવામાં આવ્યા છે. આ અમારા પરિવાર સાથે અન્યાય છે. અમે સુપ્રીમ કોર્ટનો સંપર્ક કરીશું, કારણ કે મને તેમાં વિશ્વાસ છે એમ તેણીએ પીટીઆઈને જણાવ્યું હતું.

હાઈકોર્ટની બહાર હજારો પ્રદર્શનકારીઓ એકઠા થયા હતા અને તેમના હાથમાં કુલદીપ સેંગર કી ઉમર કૈદ કી સજા બરકરાર રહે અને મહિલાઓ કી ગરિમા કે સાથ ખિલવાડ નહીં ચલેગા લખેલા પ્લેકાર્ડ હતા. તેમણે ઉન્નાવ બળાત્કાર પીડિતાના સમર્થનમાં બલાત્કારીયોં કો સંરક્ષણ દેના બંધ કરો અને ગુનેહગારો કો બચાના બંધ કરો (બળાત્કારીઓ અને દોષિતોને રક્ષણ આપવાનું બંધ કરો) જેવા નારા પણ લગાવ્યા હતા.

### ઉન્નાવ રેપ કેસમાં...

હાઇકોર્ટની ડિવિઝન બેન્ચના આદેશો વાંચ્યા પછી આ નિર્ણય લીધો હતો. સૂત્રોના જણાવ્યા અનુસાર, સીબીઆઇએ ગુરુવારે જણાવ્યું હતું કે સીબીઆઇએ ઉન્નાવ બળાત્કાર કેસમાં દિલ્હી હાઇકોર્ટની ડિવિઝન બેન્ચના આદેશોનો અભ્યાસ કર્યો છે અને આરોપી કેડી સેંગરને સજા સસ્પેન્ડ કરીને જામીન આપવાના હાઇકોર્ટના આદેશો સામે માનનીય સુપ્રીમ કોર્ટ સમક્ષ વહેલી તકે એસએલપી (સ્પેશિયલ લીવ પિટિશન) દાખલ કરવાનો નિર્ણય લીધો છે.

### ગોલ્ડમેન સૅક્સ દ્વારા...

અર્થતંત્ર અપેક્ષા કરતાં વધુ સારું પ્રદર્શન કરશે. અહેવાલ મુજબ, 2026માં અમેરિકા 2.6% નો વિકાસ દર જોઈ શકે છે, જ્યારે મોટાભાગે 2% ની અપેક્ષા દેખાય છે. તેની પાછળના કારણો ટેરિફ ઘટાડો, કર કાપ અને સરળ નાણાકીય પરિસ્થિતિઓ છે. રિપોર્ટ સૂચવે છે કે ભારત સહિત ઉભરતા બજારો વિકસિત દેશો કરતાં વધુ સારી કામગીરી કરશે. જે મુખ્યત્વે મજબૂત સ્થાનિક માગ અને આ દેશોમાં અનુકૂળ માળખાકીય વલણોને કારણે છે. ગોલ્ડમેન સૅક્સનો અંદાજ છે કે ભારતનો વાસ્તવિક GDP વૃદ્ધિ દર 2026માં આશરે 6.7% અને 2027માં 6.8% રહેશે. આ અંદાજ સર્વસંમતિ કરતાં વધુ છે, જે ભારતને વિશ્વની સૌથી ઝડપથી વિકસતી મોટી અર્થવ્યવસ્થાઓમાં રાખે છે. રિપોર્ટમાં ચીનનું અર્થતંત્ર 2026માં 4.8% અને 2027માં 4.7% ના દરે વૃદ્ધિ પામવાનો અંદાજ છે. આમ, આર્થિક વિકાસની દ્રષ્ટિએ ચીન ભારતની સરખામણીમાં નિસ્તેજ રહેશે. મજબૂત સ્થાનિક વપરાશ, સરકારી માળખાકીય ખર્ચ અને નિકાસ-લક્ષી અર્થતંત્રોની તુલનામાં વૈશ્વિક વેપાર અવરોધોના પ્રમાણમાં મર્યાદિત સંપર્કને કારણે ભારતનો વિકાસ વેગ ચાલુ રહેવાની અપેક્ષા છે.

રિપોર્ટમાં વૈશ્વિક શ્રમ બજારમાં નબળાઈને પણ મુખ્ય જોખમ તરીકે જોવામાં આવે છે. તે જણાવે છે કે રોજગારીનું સર્જન ઉત્પાદકતા વૃદ્ધિ સાથે ગતિ જાળવી રહ્યું નથી. વિકસિત બજારોમાં આ વલણ વધુ સ્પષ્ટ છે. જો કે, રોજગાર વૃદ્ધિમાં વૈશ્વિક મંદી લાંબા ગાળે ઉભરતા બજારો માટે પરોક્ષ પડકારો ઉભા કરી શકે છે. એકંદરે, ગોલ્ડમેન સૅક્સ 2026 માં ઉભરતા બજારો માટે સકારાત્મક દષ્ટિકોણ જાળવી રાખે છે. તે સ્થિર વૈશ્વિક વૃદ્ધિ, ઘટતા ફુગાવા અને સહાયક નાણાકીય પરિસ્થિતિઓ વચ્ચે ભારતને એક મુખ્ય ખેલાડી તરીકે સ્થાન આપે છે.

### ભારતમાં આતંક ફેલાવવા...

હંગરગેકરના ડિજિટલ ફૂટપ્રિન્ટ ઊંડા વૈચારિક કટ્ટરપંથીકરણ તરફ ઈશારો કરે છે. આનાથી એન્ક્રિપ્ટેડ સંદેશાવ્યવહાર, આર્કાઈવ્ડ પ્રચાર સામગ્રી અને અનેક બંધ જૂથોમાં તેની સંડોવણી બહાર આવી. અધિકારીઓએ એ પણ શોધી કાઢ્યું કે તે વિશિષ્ટ સાધનોનો ઉપયોગ કરી રહ્યો હતો અને વિદેશી IP સરનામાંઓને રૂટ કરી રહ્યો હતો, જેમાંથી કેટલાક અફઘાનિસ્તાન અને હોંગકોંગ સાથે જોડાયેલા હતા. આનાથી વધુ ઊંડાણપૂર્વકની ફોરેન્સિક તપાસ થઈ. આ તારણોના આધારે, પુણે એટીએસે તેની ધરપકડ કરતા પહેલા તેની નજીકની દેખરેખ રાખી હતી.

અહેવાલ મુજબ, ટોચના ગુપ્તચર અધિકારીઓ કહે છે કે હંગરગેકરની પ્રોફાઈલ જમ્મુ અને કાશ્મીરના મૂળના આતંકવાદી મોડ્યુલ સાથે જોડાયેલા ડોકટરો સહિત અન્ય તાજેતરની ધરપકડોમાં જોવા મળેલી ચિંતાજનક પેટર્ન સાથે મેળ ખાય છે. બંને કિસ્સાઓ સફેદ કોલર, ડિજિટલી કટ્ટરપંથી ભરતી દળના ઉદયને પ્રકાશિત કરે છે.

આ વ્યક્તિઓ શિક્ષિત, આદરણીય છે અને તેમનો કોઈ અગાઉનો ગુનાહિત રેકોર્ડ નથી.

એજન્સીઓ કહે છે કે આ કોઈ સંયોગ નથી. અલ-કાયદા ઈરાદાપૂર્વક વ્યાવસાયિક કાયદેસરતા, વિશ્વસનીયતા અને નેટવર્ક ઍક્સેસ ધરાવતા વ્યક્તિઓને આકર્ષિત કરી રહ્યું છે.

આ ભરતીઓ શંકા જગાડે તેવી શક્યતા ઓછી હોવાનું માનવામાં આવે છે. આવા વ્યક્તિઓ શાંતિથી વાતચીત કરવામાં વધુ સક્ષમ હોય છે.

### ભારતે અમેરિકા સમક્ષ...

સાથે સંબંધિત છે, તેમણે ઉમેર્યું અમે આ મુદ્દાઓ અને અમારી ચિંતાઓ અમેરિકા સમક્ષ, નવી દિલ્હી અને વોશિંગ્ટન ડીસી બંનેમાં રજૂ કરી છે. જયસ્વાલે જણાવ્યું હતું કે ઘણા ભારતીયો લાંબા સમયથી ભારતમાં ફસાયેલા છે જેના કારણે તેમને અને તેમના પરિવારોને ઘણી મુશ્કેલીઓનો સામનો કરવો પડી રહ્યો છે. ભારત સરકાર આપણા નાગરિકોને થતી મુશ્કેલીઓને ઓછી કરવા માટે અમેરિકી પક્ષ સાથે સક્રિય રીતે સંકળાયેલી છે, એમ તેમણે જણાવ્યું હતું.

### કેનેડામાં ટોરોન્ટો...

પોલીસે જણાવ્યું હતું કે પોલીસ આવે તે પહેલાં શકમંદ ત્યાંથી ભાગી ગયો હતો. કોઈ શંકાસ્પદ વ્યક્તિનું વર્ણન જાહેર કરવામાં આવ્યું નથી.

માહિતી ધરાવતી કોઈપણ વ્યક્તિને પોલીસનો સંપર્ક કરવા માટે કહેવામાં આવ્યું છે. દરમિયાન, ટોરોન્ટોમાં ભારતના કોન્સ્યુલેટે વિદ્યાર્થીના મૃત્યુ અંગે દુઃખ વ્યક્ત કરીને જણાવ્યું છે કે તે આ છોકરાના પરિવાર સાથે સંપર્કમાં છે.